



# આજની અમાસ અને સૂર્યગ્રહણનો સંયોગ તેને વધારે પુણ્યદાયી બનાવે છે



**આત્મશુદ્ધિ, પિતૃઋણમાંથી મુક્તિ અને સેવા ભાવ જાગ્રત કરવાનું આજે પાવન પર્વ છે**

જડીબુટ્ટી

નજુમી

અમાસ તિથિને અત્યંત પાવન અને આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વની માનવામાં આવે છે.

આ તિથિ આત્મચિંતન, સાધના, પિતૃસ્મરણ અને દાન પુણ્યનો શ્રેષ્ઠ અવસર આપે છે.

જ્યારે આ અમાસ મહા મહિનામાં આવે છે ત્યારે તેનું પુણ્ય કેટલાંયે ઘણું વધી જાય છે.

મહા અમાસ ફક્ત પિતૃઓની શાંતિ અને પિતૃ ઋણમાંથી મુક્તિનો માર્ગ ખોલે છે એવું નથી, સાધકના જીવનમાં સુખ, સમૃધ્ધિ અને સકારાત્મક ઊર્જાનો પણ સંચાર કરે છે.

2026માં મહા અમાસનું મહત્ત્વ તેથી ઘણું વધી જાય છે, કારણ કે આ દિવસે સૂર્યગ્રહણનો દુર્લભ સંયોગ પણ બની રહ્યો છે

**» મહા અમાસ 2026ની તિથિ શુભ મુહૂર્ત**

વર્ષ 2026માં મહા મહિનાની કૃષ્ણ પક્ષની અમાસ 17 ફેબ્રુઆરી 2026 (મંગળવારે) ઊજવાઈ જશે.

અમાસ તિથિનો આરંભ 16 ફેબ્રુઆરીએ સાંજે 5:54 વાગ્યાથી થશે અને તેનું સમાપન 17 ફેબ્રુઆરીએ સાંજે 5:30 વાગ્યા પર થશે. ઉદયા તિથિ અનુસાર મહા અમાસનું વ્રત, પૂજન, તર્પણ 17 ફેબ્રુઆરીએ કરવું તે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

**» મહા અમાસનું મહત્ત્વ**

મહા અમાસનો વિશેષ સંબંધ પિતૃતર્પણ, શ્રાધ્ધ અને પિંડદાનથી માનવામાં આવે છે. જે શ્રધ્ધાળુઓને પોતાના પૂર્વજોની તિથિ યાદ નથી હોતી, તેમના માટે અમાસના દિવસે પિતૃઓ નિમિત્તે તર્પણ કરવાનો સર્વોત્તમ અવસર છે. આ દિવસે શ્રદ્ધા-ભાવથી કરવામાં આવેલું તર્પણ પિતૃઓને તૃપ્તિ આપે છે અને તેમના આશીર્વાદથી પરિવારમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે છે. આ અમાસ મહાશિવરાત્રિની નજીક આવતી હોવાથી એટલા માટે તેનો સંબંધ ભગવાન શિવની સાધનાથી પણ ઊંડો જોડાયેલો છે. શાસ્ત્રો અનુસાર આ દિવસે ભગવાન શિવની આરાધના કરવાથી સાધકનાં પાપોનો નાશ થાય છે અને જીવનમાં આવનારાં સંકટો દૂર થાય છે.

મહા અમાસના અવસર પર દેશભરનાં મુખ્ય તીર્થ સ્થળોમાં વિશેષ સ્નાન અને ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન થાય છે. ખાસ કરીને પ્રયાગરાજના ત્રિવેણી સંગમ, ગંગા, યમુના અને પવિત્ર નદીઓમાં સ્નાન કરીને અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે.

**» સૂર્યગ્રહણ ક્યારે છે?**

વર્ષ 2026માં 17 ફેબ્રુઆરી અમાસના દિવસે વર્ષનું પહેલું સૂર્યગ્રહણ થશે. તે વલયાકાર સૂર્યગ્રહણ થશે, જેની શરૂઆત બપોરે 3:26 વાગ્યે અને સમાપ્તિ સાંજે 7:57 વાગ્યે થશે. આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, એટલા માટે દેશમાં સૂતક કાળ માન્ય નહીં રહે.

શાસ્ત્રોમાં કહેવાયું છે કે, ગ્રહણકાળમાં વાતાવરણમાં વિશેષ પ્રકારની ઊર્જા સક્રિય થઈ જાય છે. આવા સમયમાં દાન, જપ અને સાધનાનું મહત્ત્વ સામાન્ય દિવસો કરતાં કેટલાંયે ગણું વધી જાય છે.

સૂર્યગ્રહણ દરમિયાન કરેલું દાન પાપોનો નાશ કરે છે, નકારાત્મક ઊર્જાને ઓછી કરે છે... ગ્રહ દોષોમાંથી મુક્તિ આપે છે અને વ્યક્તિના જીવનમાં આર્થિક અને આધ્યાત્મિક સમૃદ્ધિ લાવે છે. સાથે જ આ દાનથી પિતૃઓને પણ શાંતિ મળે છે.

**» અમાસની પૂજાવિધિ**

અમાસના દિવસે સાવરે બ્રહ્મવેળા ઊઠીને સ્નાન કરવું. જો સંભવ હોય તો પવિત્ર નદીમાં સ્નાન કરવું નહીંતર ગંગાજળ મિશ્રિત જળથી સ્નાન કરવું. સ્નાન બાદ સ્વચ્છ, સફેદ વસ્ત્ર ધારણ કરીને સૂર્યદેવને જળનો અર્ઘ્ય આપવો.

ત્યાર બાદ વિધિ-વિધાનથી ભગવાન વિષ્ણુની પૂજા કરો. ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ કરીને આરતી કરવી અને સાષ્ટાંગ પ્રણામ કરવા. બાદ ભગવાન શિવનું ધ્યાન કરતાં કરતાં તેમની પૂજા કરવી. શિવલિંગ પર પાણી, દૂધ, બિલીપત્ર, ધંતૂરો અને ચોખા અર્પણ કરવાં. 'ૐ નમઃ શિવાય' મંત્રનો જપ અને શિવ ચાલીસાનો પાઠ કરવો. અંતમાં આરતી કરીને પૂજા સંપન્ન કરવી.

**» દાનનો મહિમા**

હિન્દુ ધર્મમાં દાનને સર્વોચ્ચ પુણ્ય કર્મ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે, ધનની ત્રણ ગતિઓ હોય છેઃ દાન, ભોગ અને નાશ. તેમાં દાનને શ્રેષ્ઠ ગણાવ્યું છે, કારણ કે દાનથી ફક્ત વ્યક્તિને જ પુણ્ય મળતું નથી પરંતુ સમાજમાં કરુણા અને સમરસતાનો ભાવ પણ વધે છે.




ગોસ્વામી તુલસીદાસજીએ કળિયુગમાં દાનનો સૌથી મોટો ધર્મ જણાવતાં કહ્યું છે કે,

પ્રગટ ચારિ પદ ધર્મકે, કલિ મહુઁ એક પ્રધાન|
જેને કેન બિધિ દીન્હેં દાન, કરઈ કલ્યાણ ||

અર્થાત્ ધર્મનાં ચાર ચરણ (સત્ય, દયા, તપ અને દાન) પ્રસિધ્ધ છે, જેમાંથી કળિયુગમાં દાન જ મુખ્ય છે. કોઈ પણ પ્રકારે આપેલું દાન વ્યક્તિના કલ્યાણનો માર્ગ ખોલે છે.

મહા અમાસ- આત્મશુદ્ધિ, પિતૃ ઋણમાંથી મુક્તિ અને સેવા ભાવ જાગ્રત કરવાનું પાવન પર્વ છે. આ પર સૂર્યગ્રહણનો સંયોગ તેને વધારે પુણ્યદાયી બનાવે છે. શ્રદ્ધા, સાધના અને દાનના માધ્યમથી ફક્ત પિતૃઓના આશીર્વાદ પ્રાપ્ત થાય છે એવું નથી, પરંતુ જીવનમાં સુખ-સમૃધ્ધિ અને શાંતિનો માર્ગ પણ ખૂલે છે.





# હોળીની રાતઃ તંત્ર સાધનાના અદ્‌ભુત ચમત્કારિક પ્રયોગ

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

તંત્ર - મંત્રાદિની સાધનાસિદ્ધિ, પુરશ્ચરણ તેમ જ ચાર્જિંગ (પુનઃસક્રિય કરવું)ની ચાર મુખ્ય રાત્રિઓનો તંત્ર ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ છેઃ ક્રમશઃ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી (મોહરાત્રિ), દીપાવલિ (કાળ રાત્રિ), શિવરાત્રિ (મહા રાત્રિ) તેમ જ હોળીની (મહાપૂનમની રાત્રિ). પ્રથમ ત્રણ રાત્રિઓ કૃષ્ણ પક્ષમાં તથા હોળીની રાત્રિ મહાપૂર્ણિમાએ થાય છે.

શાસ્ત્રાનુસાર આ દિવસે સૂર્યદેવનો જન્મ પણ થયો હતો. હોળી પર સામાન્ય લોકો જયારે મસ્તી અને ઉમંગમાં ડૂબેલા હોય છે ત્યારે તાંત્રિકો ફાગણ પૂનમે મંત્ર સિદ્ધ કરવાના અનુષ્ઠાનમાં જોડાયેલા રહે છે. કારતક મહિનાની અમાસે થતી દિવાળી બાદ હોળી જ તાંત્રિકો માટે બીજી મહાનિશા હોય છે જેમાં તે મંત્ર સિદ્ધ કરી શકે છે. એટલા માટે લોકો જયારે હોળીના બીજા દિવસે ધુળેટીમાં ડૂબવાની તૈયારી કરી રહ્યા હોય છે ત્યારે તાંત્રિક કોઈ ગુમનામ સુમસામ જગ્યા પર તંત્ર-મંત્ર સિદ્ધ કરવાનું અનુષ્ઠાન કરે છે. ભલે તેને આ અંધવિશ્વાસ માનવામાં આવે પરંતુ દિવાળીની જેમ હોળી પર ટોણા-ટુચકા જગાડવાની પરંપરા આજે પણ જીવંત છે.

**હોળીની જવાળા પણ સંકેત આપે છે!**

હોળીના અગ્નિની જવાળાથી અનેક પ્રકારના સંકેત મળે છે. પૂર્વ તરફ જો જવાળા જાય તો કલ્યાણકારી હોય છે. દક્ષિણ તરફ જો જવાળા હોય તો પશુ પીડા, પશ્ચિમ તરફ જવાળા હોય તો સામાન્ય અને ઉત્તર તરફ હોળીની જવાળા જાય તો વરસાદ થવાની શકયતા રહે છે.

**ભદ્રા કાળમાં સાધના થાય**

તાંત્રિક મંત્ર સિદ્ધિ માટે હોળી પ્રગટયા પહેલાં એટલે કે ભદ્રકાળનું વધારે મહત્ત્વ છે. જો પૂનમ સવારથી મધ્યરાત્રિ સુધી તાંત્રિક મંત્ર તંત્ર સિદ્ધ કરવાનું અનુષ્ઠાન કરે છે પરંતુ અંતિમ કૃત્ય તો રાત્રે 12 વાગ્યે જ કરવામાં આવે છે.

મંત્ર સિદ્ધ કરીને તાંત્રિક પોતાનું તથા જાતકોનું કલ્યાણ કરે છે. ફાગણ પૂનમની રાત્રિ તંત્રસાધના માટે ઘણી મહત્ત્વપૂર્ણ હોય છે. તંત્ર મંત્રને સિદ્ધ કરવા માટે આખો દિવસ તે પૂજા, પાઠ, હવન વગેરે કરે છે. પીડિતોની માગણી પર ટુચકા પણ કરવામાં આવે છે.

અહીં કેટલીક સરળ ક્રિયાઓનો ઉલ્લેખ છે, જે અનેક વિદ્વાનો તેમ જ સિદ્ધ મહાત્માઓ દ્વારા ઉદ્‌ઘોષિત ક્રિયાઓ છે.

**પ્રયોગ નં.1:** સ્ફટિક શ્રીયંત્રને હોળીના એક દિવસ પહેલાં ચૌદશની રાત્રે ગુલાબજળમાં રાખીને ફ્રીઝરમાં મૂકી દો. સવારે જામેલા શ્રીયંત્રને ફ્રીઝરમાંથી બહાર કાઢીને નહાવાના પાણીના વાસણમાં ડુબોડીને જામી ગયેલા બરફને ઓગળવા દો. પછી બહાર કાઢી દો. સ્નાન કર્યા બાદ શ્રી યંત્ર પૂજન કરવું. પછી શ્રીસૂક્તની પ્રત્યેક ઋચાના આરંભ અને અંતમાં આ મંત્રનીઃ ૐ હ્રીમ્ ક્રૌં ઐં શ્રીં ક્લીં બ્લૂં સૌં રં વં શ્રીઃ દરેક મંત્ર બોલતાં બોલતાં અત્તરથી લિપ્ત નાગકેશર શ્રી યંત્ર પર ચઢાવવું.

ત્યાર બાદ રાતમાં શ્રીયંત્ર સામે જ ઉપરોક્ત મંત્રની 1008 આહુતિઓ મધ, ઘી, દૂધથી આપવી અથવા 108 આહુતિ સૂકાં બિલીપત્ર, મધ, ઘી, દૂધથી ભેળવીને પ્રગટેલી હોળીમાં અર્પણ કરી દો. અંતમાં શ્રીયંત્ર તથા અર્પણ કરેલું નાગકેસર લાલ કપડામાં બાંધીને તમારી તિજોરીમાં મૂકો. તેથી સંપૂર્ણ વર્ષ ઘર ધનધાન્યથી પરિપૂર્ણ રહેશે તેમાં સંદેહ નથી.

**પ્રયોગ નં. 2:** હોળી (પૂનમ)ની રાત્રે સ્થિર લગ્નમાં મા કાળીની પંચોપચાર પૂજા કરીને નીચેના મંત્રથી 1008 આહુતિઓ હવન સામગ્રીમાં કાળા મરી, પીળી સરસવ, ભૂતકેશી મિલાવીને અગ્નિમાં આપો. દરેક 108 આહુતિઓ બાદ પાનના પાંદડા પર સફેદ માખણ, મિશ્રી, 2 લવિંગ, 3 જાયફળ, 1 લીંબું, 1 નાળિયેર (ગોળો) અત્તર લગાડેલું રૂ, કપૂર મૂકીને મા કાળીનું ધ્યાન કરીને અગ્નિમાં અર્પણ કરવું. આ આહુતિ 10 વાર અગ્નિમાં અર્પણ કરો. આ પ્રયોગ સમસ્ત નજરદોષ, તંત્ર તેમ જ રોગ નડતર વગેરે સમાપ્ત કરી દે છે. મંત્ર: ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ, ૐ ગ્લૌં હૂં ક્લીં જૂં સઃ જવાલય જવાલય જ્વલ જ્વલ પ્રજ્વલ પ્રજ્વલ હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ જ્વલ હં સં લં ક્ષં ફટ્ સ્વાહા.

**પ્રયોગ નં. 3 :** હોળી (પૂનમ)ના દિવસે સવારે સૂર્યોદયથી પહેલાં પીપળા પર હળદરમિશ્રિત ગુલાબજળ ચઢાવવું. દેશી ઘીનો દીવો અને ધૂપ પ્રગટાવવો. 5 પ્રકારની મીઠાઈ, 5 પ્રકારનાં ફળ, 21 દ્રાક્ષનો ભોગ ધરાવવો તથા નાડાછડીથી 7 પરિક્રમા કરતાં કરતાં પીપળાનું બંધન કરવું અને નીચેના મંત્રનો જાપ કરવો. તેનાથી ઘરમાં ધનસમૃદ્ધિ આવે છે. મંત્ર : ૐ હ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં લક્ષ્મી મમ ગૃહે ધન પૂરય ચિંતા દૂરય દૂરય સ્વાહા.

**પ્રયોગ નં. 4:** હોળીની રાત્રે આખા અડદ અને આખા ચોખાને એક સાથે ઉકાળીને પતરાળાં પર મૂકો. 5 પ્રકારની મીઠાઈ અને સરસવના તેલનો દીવામાં 1-1 રૂપિયાના 5 સિક્કા મૂકી દીવો પ્રગટાવીને નીચેના મંત્રનો 108 વાર જપ કરીને બધાં સામાનને નિર્જન સ્થાન પર મૂકી આવો. પાછું ફરીને જોવું નહીં. તેનાથી ધનનું આગમન થાય છે. મંત્રઃ ૐ હ્રીં બટુકાય આપદુદ્ધારણાય કુરુ કુરુ બટુકાય હ્રીં.

**પ્રયોગ નં.5 :** હોળીની રાત્રિમાં સ્થિર લગ્નમાં પીપળાનાં પાંચ અખંડિત પાંદડાં લઇને પતરાળાં પર મૂકો. દરેક પાંદડાં પર પનીરનો એક ટુકડો તથા એક રસગુલ્લા (સફેદ) મૂકો. લોટનો દીવો બનાવીને તેમાં સરસવનું તેલ ભરીને પ્રગટાવવો. માટીના કોડિયામાં પાણી, દૂધ, મધ અને સાકર ભેગી કરીને ભક્તિપૂર્વક બધો જ સામાન પીપળા પાસે ચઢાવીને હાથ જોડીને શ્રદ્ધાથી આર્થિક સંકટ દૂર થવાની પ્રાર્થના કરવી. પાછા ફરીને જોવું નહીં. આ પ્રયોગ મંગળ તથા શનિવારે ફરીથી કરવો. પરંતુ ફરીથી પીપળાનાં પાંદડાંનો પ્રયોગ ના કરવો. પરંતુ ત્રણેય વખત ઘરે પાછાં ફરીને લાલ ચંદનની માળા પર નીચેના મંત્રની 3 માળા જપવી.

**મંત્ર :** ઐં હ્રીં ક્લીં સર્વબાધા વિનુમુર્કતો ધનધાન્ય સુતાન્વિતઃ મનુષ્યોમત્પ્રસાદેન ભવિષ્યતિ ન સંશયઃ ક્લીં હ્રીં ઐં ||

# જીવનમાં ચાર ધામ યાત્રા એક વાર જરૂર કરવી જોઈએ... કેમ?

કાળચક્ર

યજ્ઞાનંદ

હિંદુ ધર્મમાં માન્યતા છે કે, ચાર ધામ યાત્રા કરવાથી વ્યક્તિને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને તે જન્મ-મૃત્યુના ચક્રમાંથી મુકત થઇ જાય છે. તેની સાથે જ એ પણ કહેવાય છે કે, વ્યક્તિનાં બધાં પાપ ધોવાઈ જાય છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ સિવાય જીવનમાં શુભ પરિણામ પણ જોવા મળે છે.

હિંદુ ધર્મમાં ચાર ધામ યાત્રાનું વિશેષ મહત્ત્વ છે. આ યાત્રા ફકત ધાર્મિક દૃષ્ટિએ જ મહત્ત્વની છે એવું નથી. પરંતુ તેનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ છે. ચાર ધામ યાત્રાને કળિયુગમાં મોક્ષપ્રાપ્તિનો માર્ગ માનવામાં આવે છે. ચાર ધામ યાત્રા વિશે તો તમે કયારે ને કયારે જરૂર સાંભળ્યું જ હશે. ઉત્તરાખંડનાં ચાર મુખ્ય તીર્થસ્થાનોને આ યાત્રામાં કવર કરવામાં આવે છે. અલગ અલગ પવિત્ર સ્થાનોની યાત્રા કરવાનું પોતાનું મહત્ત્વ છે. પરંતુ ઉત્તરાખંડનાં ચાર ધામોની યાત્રાને મોક્ષદાયિની બતાવી છે. ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ સનાતન સંબંધ રાખનાર દરેક વ્યક્તિએ આ યાત્રાને એક વાર જરૂર કરવી જોઈએ. જો તમે ચાર ધામ યાત્રાનો પ્લાન બનાવી રહ્યા હોય તો તેના વિશે વિસ્તારથી સમજી લેવું જોઈએ.

ચાર ધામ યાત્રાનું મહત્ત્વ ઉત્તરાખંડ સ્થિત ચાર ધામ યાત્રા (યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ)ને વિશેષ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ચાર ધામ યાત્રાને મુક્તિયાત્રા પણ કહેવામાં આવે છે.આ યાત્રા કરવાથી જન્મજન્માંન્તરનાં પાપ કટ થઇ જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે ચાર ધામ યાત્રા કરવાથી આત્મા પવિત્ર થાય છે. તેનાં ચમત્કારિક પરિણામ પણ જોવા મળે છે.

વ્યક્તિએ પોતાના જીવનકાળમાં ઓછામાં ઓછી એક ચાર ધામની યાત્રા જરૂર કરવી જોઈએ. કારણ કે તે જીવનભરનાં પાપોને ધોઈને મોક્ષનાં દ્વાર ખોલે છે. તેની સાથે જ વ્યક્તિ પુનર્જન્મના ચક્રમાંથી મુકત થઇ જાય છે. આ યાત્રામાં સૌથી પહેલાં યમુનોત્રી ધામનાં દર્શન કરવાનું વિધાન છે. એવું કહેવાય છે કે, તેનાથી આ યાત્રા કોઈ મુશ્કેલી વગર પૂરી થઇ જાય છે.

**ચાર ધામ યાત્રાને કળિયુગમાં મોક્ષપ્રાપ્તિનો માર્ગ માનવામાં આવે છે. યાત્રાળુ જન્મ-મૃત્યુના ચક્રમાંથી મુકત થઇ જાય છે અને આત્મા પણ પવિત્ર થઇ જાય છે**

ચાર ધામ યાત્રાનું આધ્યાત્મિક મહત્ત્વ ચાર ધામ યાત્રા એક આધ્યાત્મિક યાત્રા છે જે વ્યક્તિને આત્મશુદ્ધિ અને



આત્મજ્ઞાન તરફ લઈ જાય છે.

આ યાત્રા વ્યક્તિને માનસિક શાંતિ અને સંતુષ્ટિ આપે છે. ચાર ધામ યાત્રા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે.

આ યાત્રા ભારતના જુદા જુદા ભાગનાં લોકોને એક સાથે લાવે છે તેથી એકતાનું પ્રતીક પણ છે.

**ચાર ધામ યાત્રાનાં ચાર ધામ**

બદ્રીનાથ - તે ભગવાન વિષ્ણુને સમર્પિત છે.

દ્વારકા - તે ભગવાન કૃષ્ણને સમર્પિત છે.

રામેશ્વરમ - તે ભગવાન શિવને સમર્પિત છે.

જગન્નાથપુરી - ભગવાન વિષ્ણુને સમર્પિત છે.

તીર્થ યાત્રાઓમાં સૌથી વધારે મુશ્કેલ ધાર્મિક યાત્રાઓમાંથી ચાર ધામ એક માનવામાં આવે છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુ ચાર ધામ યાત્રા માટે જાય છે. ફકત દેશનાં જ નહીં, પરંતુ વિદેશમાંથી પણ કેટલાંક લોકો અહીં ચાર ધામ યાત્રામાં જોડાય છે.

અક્ષય તૃતીયા (અખાત્રીજ)ના પાવન અવસર પર યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ ખૂલતાંની સાથે જ આ પવિત્ર યાત્રાનો આરંભ થાય છે. આ વર્ષે અખાત્રીજ 19 એપ્રિલે આવે છે. બદ્રીનાથ ધામનાં કપાટ 23 એપ્રિલ 2026 થી સવારે 6:15 વાગ્યે ખૂલવાની જાહેરાત થઈ છે.

જીવનમાં ભગવાને પાપ ધોવા અને પુણ્યશાળી થવા માટે ઘણા રસ્તા આપ્યા છે. તેથી તેનો લાભ લઈને ચાર ધામ યાત્રા જરૂર કરવી જોઈએ. આખી જિંદગી લાખો રૂપિયા કમાઈને ખાઈ-પીને જલસા કરવાથી જીવન પાપ અને ધૂળ થઈ જાય છે. પરંતુ ચાર ધામથી મોક્ષ મળે છે.